**ક્રિ.કે.નંબર:299/22.**

**<u>– આંક:૧ નિચે હુકમ –</u>**

**(૧)** સદર કામે કેસનુ રેકર્ડ ધ્યાને લેતા, સી.આર.પી.સી.ની કલમ–૧૫૪ મુજબ પો.સ્ટે.માં દાખલ થયેલ ફ્સ્ટ ઈન્ફોરમેશન રિપોર્ટ(એફ.આઈ.આર.)ના અનુસંધાનમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરૂદ્ધ પો.કમિ.શ્રી, અમદાવાદ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ–૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૧ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજૂ કરેલ છે.

**(૨)** સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ મુજબ આઈ.પી.સી.ની કલમ–૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહિત) ના ગુના અંગેનુ કોગ્નીઝન્સ ત્યારે જ લઈ શકાય કે જ્યારે સલંગ્ન જાહેર સેવક દ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહિવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી)ની **<u>લેખિત ફરીયાદ વગર લઈ શકાય નહી.</u>** એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.

–જી.પી.એક્ટની કલમ–૧૩૧ તથા આઈ.પી.સી.ની કલમ–૧૮૮ મુજબના ગુના સબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે તે જ રીત....

**(૩)** નામદાર સુ.કો....(૧) એમ.એસ.અહલ્લાવત વિરૂદ્ધ હરિયાણા એ.આઈ.આર. ૨૦૦૦(સુ.કો.) પેજ નં.૧૬૮,(૨) દોલતરામ વિરૂદ્ધ પંજાબ રાજ્ય એ.આઈ.આર.૧૯૬૨ (સુ.કો.) પેજ નં.૧૨૦૬,(૩) મુનીઅપ્ન અને બીજા વિરૂદ્ધ તામિલનાડુ રાજ્ય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ નામદાર ગુજ.હાઈકોર્ટે (૧) બેચરલાલ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ક્રિમીનલ મીસેલીયન્સ અપીલ નં.૫૦૯/૨૦૦૧,(૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ક્રિમીનલ મીસેલીયન્સ અપીલ નં.૩૪૮/૧૯૯૫,(૩)અરૂપધતી ભટ્ટાચાર્ય વિરૂદ્ધ ગુજરાત રાજ્ય મીસેલીયન્સ અપીલ નં.૧૭૨૮૬/૨૦૧૭,(૪)ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૮(૧) જી.એલ.એચ.પેજનં.૬૩ ના કેસ લોમાં એવુ હેલ્ડ કરવામાં આવેલ છે કે, The provisions of Section 195 Cr.P.C. are mandatory and Non–compliance of if would vitiate the prosecution and all other consequential orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void ab initio being without

juridiction.

(૪) નામ.સુપ્રિમ કોર્ટ પંકજ અગ્રવાલ વિરૂદ્ધ દિલ્હી રાજ્ય ૨૦૦૧(૩)ક્રાઈમ્સ (સુ.કો.) પેજ નં.૩૬૧ તેમજ નામ.ગુજ.હાઈકોર્ટે કાંધલ સરમણ જાડેજા વિરૂદ્ધ ગુજરાત રાજ્ય ૨૦૧૯(૨)જી.એલ.આર.પેજ નં.૧૪૬૨ ના ચુકાદામાં એવુ અવલોકન કરવામાં આવેલ છે કે, જ્યારે ગુના અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુનો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુનાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુનાને સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ નો બાધ નડતો નથી.પરંતુ જ્યારે થયેલ ગુનાએકબીજા સાથે એવી રીતે જોડાયેલા હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુનામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ ની છે અને આવા ગુનાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, કમિશ્નરશ્રીના જાહેરનામાના ભંગ થતા ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા ગુના થયેલ છે તેવો પોલીસનો કેસ છે. કેસનો વિષય વસ્તુ ધ્યાન સમક્ષ રાખતા આ ગુનાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટેડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. આથી. નામ.સુપ્રિમ કોર્ટે તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ઉપરોક્ત પેરામાં દર્શાવેલા ચુકાદાઓમાં કરવામાં આવેલા અવલોકનો ધ્યાને લેતા હાલના કેસમાં સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ ની કાયદાકીય ફરજીયાત જોગવાઈનો બાધ નડે છે. જેથી ઉપરોક્ત સમગ્ર ચર્ચા ધ્યાને લેતા હાલના કેસમાં ન્યાયના હિતમાં નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુ ક મ ઃ–**

સી.આર.પી.સી.ની કલમ–૨૫૮ અન્વયે આઈ.પી.સી.ની કલમ–૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ–૧૩૧ મુજબના ગુનાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશિયલ મેજીસ્ટ્રેટ સીટીંગમાં તા.૧૨મી માહે માર્ચ સને ૨૦૨૨ ના રોજ જાહેર કરવામાં આવેલ છે.

સ્થળઃઅમદાવાદ.
તા.૧૨/૩/૨૨.

(જિજ્ઞાશા માણેકલાલ ગજ્જર)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨૩, અમદાવાદ.
કોડ નંબરઃ૦૦૯૨૧.